Sarth E- Journal

Saarth E-Journal

Saarth E-Journal of Research

E-mail: sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO: 2395-339X
Peer Reviewed
Vol.8, Issue.2 No.26

Impact Factor: 6.89
Quarterly
April to June - 2023

# લોકવિદ્યા અને લોકસાહિત્ય

*ડૉ. રવિકુમાર આર. વસાવા

**સારાંશ:**

'લોક' એટલે સમાન પરંપરા ધરાવતો નિશ્ચિત ભૌગોલિક ક્ષેત્રમાં નિવાસ કરતો માનવસમૂહ. સામાન્ય રીતે તો એમાં ગ્રામીણ એવા અલ્પશિક્ષિત જનસમાજનો એકમ – એવો અર્થ લેવામાં આવે છે; પરંતુ લોકવિદ્યા (folklore) માં જેનો સમાવેશ થાય છે તે લોકસાહિત્ય, લોકસંગીત, લોકનૃત્ય, લોકનાટ્ય, લોકચિત્રકલા, લોકકસબ, લોકમાન્યતા વગેરેમાં 'લોક' શબ્દ અંગ્રેજી Folkનો સ્વીકૃત એવો ગુજરાતી પર્યાય છે. લોકવિદ્યા બધા જ પ્રકારનાં વિજ્ઞાનો – એનાં શાસ્ત્રો અને વિદ્યાનો આદિસ્રોત છે. માણસે કુદરત સાથે અને અન્ય સાથે અનુકૂલન સાધીને પોતાની જીવનપદ્ધતિનો વિકાસ કર્યો છે. એમાંથી 'લોકવિદ્યા' સિદ્ધ થઈ છે. કોઈ એકની હૈયાઉકલત અને આવડત, ઉપયોગી અને કાર્યસાધક લાગતાં બધાંએ એને અપનાવી અને એની પરંપરા ચાલી. એવી જ રીતે કોઈ પણ પ્રદેશ અને એની ભાષાબોલીમાંની કથાઓ અને ગીતો જેવી પરંપરાથી કહેવાતી-ગવાતી રચનાઓ જે લોક-માનસમાંથી ઉદ્ભવેલી, લોકમાનસ દ્વારા

ઘડાયેલી અને લોકલક્ષી હોય તે લોકસાહિત્ય. લોકસાહિત્યની રચનાઓ લોકપરંપરામાં જ જન્મતી, વિકસતી અને તરતી રહે છે. સમય, પ્રદેશ, જૂથ જેમ બદલાય તેમ આવી તરતી રચનાઓનું અંતરંગ-બહિરંગનું રૂપ પણ બદલાતું હોય છે.

**મુખ્ય શબ્દ**: લોકવિદ્યા, લોસસાહિત્ય, પ્રકાર, બોલી, સ્વરૂપ.

(***ડૉ. રવિકુમાર આર. વસાવા,** આસિસ્ટન્ટ પ્રોફેસર, એમ. આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળા. મો. ૯૪૦૮૮૯૯૫૫૯, ઈમેઈલ: ravikumarvasava@gmail.com)

**પ્રસ્તાવના:**

મનુષ્યમાત્રનો સંબંધ કલા સાથે રહ્યો છે. સ્થાપત્યકલા, શિલ્પકલા, ચિત્રકલા, સંગીતકલા, નૃત્યકલા અને સાહિત્યકલા. આ દરેકના કેન્દ્રમાં માણસ છે, માનવજીવન છે. માનવીયમૂલ્યો અને માનવસમાજના વિવિધ પ્રકારના ભાવો કલાનો વિષય બને છે. જે તે સર્જક, કલાકાર પોતાની રસ-રુચિ અનુસાર કલાનું સર્જન કરે છે. તે પોતાની માન્યતા, ધારણા અને સમજદારી કલા નિમિત્ત પ્રગટ કરે છે. કલા માનવજાતિનું અભિન્ન અંગ છે. માણસ જન્મે ત્યારથી લઈને તે મૃત્યુ પામે ત્યાં સુધીમાં તેમણે અનેક કલાઓને પ્રમાણી લીધી હોય છે. જાણે-અજાણે તે અનેક કલાઓનો દીવાનો બની ચૂક્યો હોય છે. એકપણ કલામાં રસ-રુચિ ન હોય એવા માણસની કલ્પના કરવી મુશ્કેલ છે. અભણ, અજ્ઞાની, જંગલમાં વસવાટ કરતો મનેખ પણ કલાને પ્રમાણે છે, સર્જે છે અને સર્જન કરવા પ્રેરે છે. તેથી કલા વગરના મનુષ્યજીવનને કલ્પી શકાય નહીં. લોકવિદ્યા બધા જ પ્રકારનાં વિજ્ઞાનો એનાં શાસ્ત્રો અને વિદ્યાનો આદિસ્રોત છે. માણસે કુદરત સાથે અને અન્ય સાથે અનુકૂલન સાધીને પોતાની જીવનપદ્ધતિનો વિકાસ કર્યો

છે. એમાંથી લોકવિદ્યા સિદ્ધ થઈ છે. કોઈ એકની હૈયાઉકલત અને આવડત ઉપયોગી અને કાર્યસાધક લાગતાં બધાંએ એને અપનાવી અને એની પરંપરા ચાલી. આમ, લોકવિદ્યા અને લોકસાહિત્ય વિશે અહીં આપણે સંક્ષિપ્તમાં પરિચય મેળવવાનો પ્રયાસ કરીશું.

**લોકવિદ્યા:**

"લોકવિદ્યા એટલે માનવસમુદાયની બાંધીને ગાંઠે કરેલી બધા જ પ્રકારની ઉપલબ્ધીઓ." માણસ જેમ જેમ પ્રકૃતિ સાથે જરૂર પડી ત્યાં સંઘર્ષ, અન્યથા અનુકૂલન કરીને પોતાના વ્યક્તિગત અને સામૂહિક જીવનની વ્યવસ્થા ગોઠવતો ગયો તેમ તેમ એ પોતાને જે કઈ સીધું, ઉપયોગી અને અનિવાર્ય જણાયું તે બધુ મૂર્ત રૂપમાં જાળવાતો ગયો. લોકવિદ્યાનાં વિવિધ અંગોમાં 'લોક' પારિભાષિક અર્થમાં પ્રયોજાતો રહ્યો છે, પરંતુ એની વિભાવના પણ બદલાતી રહી છે. ભારતમાં પ્રાચીનકાળથી જ 'લોક' શબ્દ પ્રયોજાતો રહ્યો છે. જર્મન ભાષાનો, 'વોક' (volk), અંગ્રેજી ભાષાનો 'ફોક' (folk) અને ભારતીય સંસ્કૃતજન્ય ભાષાઓનો 'લોક' – ત્રણેય ભારત-યુરોપીય ભાષાનાં સમાન એવાં કુળ અને મૂળના શબ્દ છે. લોક અને 'લૂક' (look) એટલે કે જોવું પણ એક જ ભાષાકુળના શબ્દો છે. સંસ્કૃત 'લોક'માં જે પોતે જુએ છે અને જે પોતે જ જોઈ શકાય છે  એ બંને અર્થ સમાયેલા છે. 'આલોક' અને 'પરલોક'માં પણ જે દૃશ્યમાન છે એવો વસવાટનો પ્રદેશ અને પ્રત્યક્ષ રૂપે દૃશ્યમાન નથી એવો પ્રદેશ – એવા બે અર્થ જોઈ શકાય છે.

માન્યતા, ધારણા અને અનુભવ એવાં તથ્યો છે, જેમનો સંબંધ ઉપરની બંને પ્રકારની લોકવિદ્યાઓ સાથે છે. વળી એ માન્યતા-ધારણા ને અનુભવોમાંથી માનવીનાં તથા પશુઓનાં દર્દોને જાણીને તેમનો ઉપચાર કરવાની અને આરોગ્યપ્રદ ઔષધો તૈયાર કરવાની પરંપરા જન્મી. ગર્ભાધાન, જન્મ, વિવાહ, લગ્ન, અંત્યેષ્ટિ વગેરેનાં વિધિ વિધાન અને તે સાથે

જોડાયેલાં ગીતો, સૂટકા કે ટુચકા – મેશ આંજવી, ખિસ્સામાં કે પાઘમાં ખીલી, ઘોડાની નાળ જેવા વર્મરૂપ પદાર્થો રાખવા જેવા વિવિધ ઉપચારો અને નિશ્ચિત પદ્ધતિ અને ધાટીના રીતરિવાજ, ચાલ વગેરે જન્મ્યાં. 'લોક' શબ્દ 'પ્રજા' કે 'જાતિ'થી જુદો છે. 'નાગરિક', 'પ્રજા', 'જાતિ' વગેરેનો સંબંધ નિશ્ચિત એવા ભૌગોલિક ક્ષેત્ર સાથે છે. આવી બધી જ જાતિઓ અને પ્રજાઓનો સમાવેશ 'લોક'માં થાય છે.  'લોકાપવાદ', 'લોકાશ્રય' વગેરેમાં 'લોક' શબ્દનો નિશ્ચિત 'ભૌગોલિક ક્ષેત્રમાં વસવાટ કરતી અનુશાસિત પ્રજા' એવો અર્થવિસ્તાર થયો અને એમાં નાગરિક અને ગ્રામીણ તથા વનવાસી – એવી ત્રણેય પ્રજાઓનો સમાવેશ થયો. આર્યકુળના અંગ્રેજી અને જર્મન જેવી ભાષાઓના Folk અને Volk શબ્દોની લોકસમૂહની વાચક એવી સંજ્ઞાની અર્થચ્છાયા પણ આ રીતે બદલાતી ગઈ. ગુજરાતીમાં 'લોક', 'લોકાં' વગેરેમાં જેમ તિરસ્કારનો ભાવ છે તેમ અંગ્રેજીમાં પણ you folk જેવા પ્રયોગોમાં 'લોક' એટલે 'નિમ્ન સ્તરના અલ્પશિક્ષિત લોકોનો સમૂહ' એવો અર્થ જોઈ શકાય છે.

'Folklore'માં 'Lore' શબ્દ ના મૂળમાં સેક્શન ભાષાનો 'Lar' શબ્દ છે, જેનો અર્થ જે શીખવામાં આવે છે તે વિદ્યા. પરંતુ એ માટે શાસ્ત્ર અને અધ્યયન જરૂરી નથી. વ્યક્તિ પરંપરામાં રહીને અનુકરણથી તે મેળવે છે. આથી 'વિદ્યા'નો આપણે જે સર્વસામાન્ય અર્થ કરીએ છીએ એના કરતાં અહીં જુદો જ અર્થ છે, હિન્દીમાં 'Folklore' માટે 'લોકવાર્તા' એવો પર્યાય યોજાય છે. 'વાર્તા' એટલે કે 'કથા-વાર્તા' એવો અર્થ અહીં નથી. 'વાર્તા'ના 'અમરકોશ', 'પ્રવૃત્તિવૃતાંત', 'જનશ્રુતિ' અને 'આજીવો-જીવિકા' એવા અર્થો આપે છે. યુરોપમાં રંગદર્શી (romantic) સાહિત્ય વિશેષ લોકપ્રિય બન્યું; એ કારણે વિવિધ જાતિઓની કંઠ્ય અને લિખિત પરંપરાના સાહિત્યની કથાઓ અને ગીતોની રચનાઓના સંચયો પ્રકાશિત થવા લાગ્યા. એમાં ભૂતકાળના અનુભવોના પડઘા હતા તો વર્તમાન જીવન માટે માર્ગદર્શન મળે એવી ક્ષમતા પણ હતી. આ પ્રકારના સાહિત્યથી ગત જીવન અને સંસ્કૃતિનાં પદચિહ્નો પામી શકાયાં અને આ

સામગ્રી વિવિધ જાતિઓનાં મૂળ અને સ્થિત્યંતરો જાણવામાં સહાયક બની. આ સામગ્રીમાં સંબંધિત પ્રજાના જીવનના ભાવોચ્છવાસ કાયમી પ્રકારનું સ્થિર રૂપ પામ્યા હતા, એથી એ સામગ્રીને ઍન્ટિક્વિટિઝ (Antiquities) પુરાવસ્તુવિચાર રૂપે ઓળખવામાં આવી અને જર્મનીના જૅકબ અને વિલ્હેલ્મ નામના ગ્રિમબંધુઓએ 'Popular Antiquities'ને બદલે 'Volk – Kundle' પર્યાય યોજ્યો અને Volk-Folk – લોક પર્યાય વપરાતો થયો અને વિલિયમ જૉન ટૉમસે ઈ. સ. 1846થી 'ફોકલોર' (Folklore) પર્યાય આપ્યો. આમ ઈ. સ. 1812થી Volk-Folk અને ઈ. સ. 1846થી folklore એટલે કે લોકવિદ્યા પર્યાય વપરાશમાં આવ્યા.

આમ, લોકવિદ્યાનું ક્ષેત્ર વિશાળ અને વ્યાપક છે. એનું કારણ સમગ્ર જીવનને વ્યક્તિગત, કૌટુંબિક અને સામાજિક રીતે જોડવાના અને પારસ્પરિક રૂપમાં ટકવા અને ટકાવવાના માનવીય અભિગમનું એ પરિણામ છે. આદિમકાળથી માણસે જે અનુભવો મેળવ્યા અને એનો આધાર લઈને જીવનની વ્યવસ્થા ગોઠવી એમાંથી લોકવિદ્યાઓ જન્મી અને સિદ્ધ થઈ. સામાજિક બનતા માણસને અન્ય માનવીઓ સાથે અને પ્રકૃતિ સાથે પણ અનુકૂલન સાધવું પડે છે. આમાં સભ્યતાથી માંડીને સંસ્કૃતિ સુધીના વિકાસમાં લોકવિદ્યાઓ સહાયક બની છે. માણસ શાખા પરના વૃક્ષસ્થિત નિવાસ કે ગુફા-કંદરાના નિવાસ છોડીને પોતાના નિવાસ પોતે બનાવતો થયો, પોતાનો ખોરાક પોતે મેળવતો થયો અને પારસ્પરિક જરૂરત અને રક્ષણ માટે કુટુંબમાં, ટોળીમાં, ગામમાં અને શહેરોમાં વસતો થયો. એ વિકાસપંથની મથામણો અને અંતે મળતી સિદ્ધિઓને કારણે તેને નિવાસ, અગ્નિ, ખોરાક, વસ્ત્ર, પાલિત પશુઓ, યંત્ર વગેરે મળ્યાં. આ બધું મેળવતાં જે કંઈ તારણ રૂપે જાણ્યું, જે કંઈ કુનેહ-કસબ-કલ્પના-ધારણા વગેરે અવગત થયાં એમાંથી જ વિવિધ પ્રકારની લોકવિદ્યાઓ સિદ્ધ થઈ.

લોકવિદ્યામાં (૧) લોકસાહિત્ય, (૨) લોકસંગીત, (૩) લોકનૃત્ય, (૪) લોકનાટ્ય, (૫) લોકચિત્ર, (૬) લોકશિલ્પ, (૭) લોકસ્થાપત્ય, (૮) લોકકલા, (૯) લોકકસબ અને (૧૦) લોકમાન્યતા મુખ્ય છે. આ ઉપરાંત પણ દર્દનિવારણ અને ઔષધોપચાર, વણાટ, રંગકામ, ધાતુસંયોજન, ફળ અને અનાજ ઉગાડવા અને જાળવવાની પદ્ધતિ, વિવિધ ખાદ્યપેય બનાવવાની રીત, ઓજારનિર્માણ, લોકમનોરંજન, લોકોત્સવ અને મેળાઓ એમ લોકવિદ્યાનાં અનેક અંગો સમાવિષ્ટ છે. જીવન સાથેના જ પ્રત્યક્ષ સંબંધ અને પ્રયોજિત રૂપમાં જીવનનિર્વાહ સાથે તે માટેની આજીવિકાની પ્રવૃત્તિ સાથે પણ લોકવિદ્યા પ્રત્યક્ષ રીતે સંકળાયેલી છે. હાલરડાં, જોડકણાં, રમતગમત-ગીત, રાસ, ગરબા, કથા એ બધું અસંપ્રજ્ઞાતપણે વ્યક્તિત્વનું ઘડતર કરે છે. જીવનને અને જગતને જોતાં શીખવે છે; કઈ સાહજિક વૃત્તિને સમાજમાન્ય કયા ધોરણે અને સ્વ-નિયંત્રણે તૃપ્ત કરવી તેનું તે શિક્ષણ આપે છે. આમ આજે પણ લોકવિદ્યા જીવનનું અંગ છે. આમ, લોકવિદ્યા જીવનસંલગ્ન મુખ્ય અંગ છે. એ રૂપ બદલે છે, પરંતુ સર્વથા લુપ્ત થતી નથી.

**લોકસાહિત્ય:**

વિવિધ કલાઓમાં સાહિત્યકલાને શ્રેષ્ઠ કલા તરીકે સ્વીકારવામાં આવી છે. સૂક્ષ્મ ઉપાદાનના કારણે સાહિત્યકલા અન્ય કલાઓથી શ્રેષ્ઠ સાબિત થઈ છે. એકાધિક વિષયોના કારણે સાહિત્યને જુદા જુદા ભાગોમાં વહેંચવામાં આવ્યું છે. એમાં શિષ્ટ સાહિત્ય, ચારણી સાહિત્ય, દલિત સાહિત્ય, નારીવાદી સાહિત્ય, આદિવાસી સાહિત્ય, ગ્રામીણ સાહિત્ય, સંતસાહિત, લોક સાહિત્ય વગેરેને ગણાવી શકાય. અહીં લોકસાહિત્યને ચર્ચવાનો ઉપક્રમ છે. લોકોથી સર્જાયેલું અને લોકો માટે સર્જાયેલું સાહિત્ય એટલે લોકસાહિત્ય. લોકસાહિત્યનો લોકો સાથે સીધો સંબંધ છે. લોકસાહિત્ય લોકોમાંથી જન્મે છે. જ્યાં લોકો છે ત્યાં લોકસાહિત્ય છે. લોકસાહિત્યના મૂળિયાં ઘણાં ઊંડા છે. "લોકસાહિત્યનો ઉદ્ગમ મનુષ્ય પોતાના વિચારો પથ્થર અને ઝાડની છાલ ઉપર

આલેખરૂપે અથવા બીજી રીતે કોતરીને નોંધવા લાગ્યો તે પહેલાંનો છે. 'લિખ' ધાતુનો મૂળ અર્થ આવી કોતરણી કરવી, એવો થાય છે. ચિત્રકાર પણ આ અર્થમાં પોતાને ચિત્રનો 'લેખક' કહે છે. આમ લોકસાહિત્ય લિપિના યે ઉદ્દગમ પહેલાંનું છે, એમ કહીએ તો હરકત નથી. લોકજીવન અને લોકસાહિત્ય એ બેમાંથી કોનો જન્મ પહેલાં થયો હશે તે નક્કી કરવું અઘરું છે. કદાચ બંને સાથે અસ્તિત્વમાં આવ્યાં હોય." લોકસાહિત્ય મનુષ્યજાતિની ઉત્પત્તિ સાથે જ જોડાયેલું હોવાથી સહેજે પ્રશ્ન જન્મે કે, લોકસાહિત્ય એટલે શું? લોકસાહિત્ય કોને કહી શકાય? આ અને આ પ્રકારના સવાલોને લોકાહિત્યક્ષેત્રે પ્રદાન કરનાર લોકસાહિત્યકારોના શબ્દોમાં જ સમજવાનો પ્રયત્ન કરીએ. ગુજરાતી સાહિત્યમાં લોકસાહિત્યક્ષેત્રે ઘણા અભ્યાસી વિદ્વાનોએ કામ કર્યું છે. અહીં આપણે ઝવેરચંદ મેઘાણી અને દુલેરાય કારાણીએ લોકસાહિત્યની આપેલી સમજણને સમજીએ. "લોકસાહિત્ય એટલે લોકકવિઓ દ્વારા અનાયાસે રચાઈ ગયેલું સાહિત્ય. વાંસનો અંકુર ધરતીનું પડ ફાડીને બહાર નીકળી આવે છે તેમ લોકસાહિત્યના શબ્દો લોકકવિના અંતર-પ્રદેશમાંથી આપમેળે બળ કરીને ફૂટી નીકળે છે." - દુલેરાય કારાણી

કોઈ પણ પ્રદેશ અને એની ભાષાબોલીમાંની કથાઓ અને ગીતો જેવી પરંપરાથી કહેવાતી-ગવાતી રચનાઓ જે લોકમાનસમાંથી ઉદ્ભવેલી, લોકમાનસ દ્વારા ઘડાયેલી અને લોકલક્ષી હોય તે લોકસાહિત્ય. લોકસાહિત્યની રચનાઓ લોકપરંપરામાં જ જન્મતી, વિકસતી અને તરતી રહે છે. સમય, પ્રદેશ, જૂથ જેમ બદલાય તેમ આવી તરતી રચનાઓનું અંતરંગ-બહિરંગનું રૂપ પણ બદલાતું હોય છે. લોકવિદ્યામાં વાણીના માધ્યમે અભિવ્યક્ત થતી સામગ્રીમાં ઉદગારધ્વનિરૂપ અને શબ્દરૂપ એવા બે મુખ્ય પ્રકારો છે. ઉદ્ગારધ્વનિરૂપમાં આશ્ચર્ય, આનંદ અને શોકનાં ઉચ્ચારણોનો સમાવેશ થાય છે. આમાં લલકાર-yodels અને ચિત્કાર-hollers-નો સમાવેશ થાય છે. ઉદગારધ્વનિરૂપ એવા ઉદગારોમાં ધ્વનિ એકમ જ અર્થ કે હેતુને અભિવ્યક્ત કરે છે. શબ્દરૂપ રચનામાં મુખ્ય બે પ્રકારો તે કથ્ય અને ગેય. કથ્ય એટલે જેનું કથન થાય છે

તેવા કહેવત, ટુચકો, કથા વગેરે પ્રકારો. ગેય એટલે જે વિશિષ્ટ લયમાં બોલાય છે તેવી – જોડકણાં, વરત-ઉખાણાં જેવી અને લય તથા સ્વર સાથે ગવાતી રાસ, ગરબા, ભજન, લોકગીત જેવી રચનાઓ. કથાગીત, ગીતકથા અને લોકમહાકાવ્ય જેવી દીર્ઘ કથાત્મક પદ્યરચનાઓ પણ ગેય લોકસાહિત્યના વર્ગની છે. લોકસાહિત્યની રચનાઓને તેના પાઠને આધારે પણ 1. નિયત શબ્દરૂપ અને 2. અનિયત શબ્દરૂપમાં વિભક્ત કરવામાં આવે છે. આમાં કથ્ય અને ગેય બંનેનો સમાવેશ થાય છે. કથ્ય નિયત શબ્દરૂપમાં કહેવતોનો અને ગેય નિયત શબ્દરૂપમાં મંત્રો અને ઉખાણાંનો સમાવેશ થાય છે. વ્યાપક્તા અને વિષયસમૃદ્ધિને કારણે લોકસાહિત્યને વિવિધ પ્રકારોમાં વહેંચવામાં આવ્યું છે. ડૉ. કે. ડી. ઉપાધ્યાયે લોકસાહિત્યને પાંચ પ્રકારોમાં વર્ગીકૃત કર્યું છે.

(૧) લોકગીતો (૨) ગીતકથાઓ (૩) લોકકથાઓ (૪) લોકનાટ્ય – ભવાઈના વેશો (૫) લોકકહેવતો, જોડકણાં, લોકોક્તિઓ વગરે.

**લોકવિદ્યા અને લોકસાહિત્યનો સંબંધ**:

લોકસાહિત્ય અને લોકવિદ્યા વચ્ચે પાયાનો ભેદ છે. લોકસાહિત્ય એ લોકવિદ્યાનો એક અંશ છે. લોકવિદ્યા વિશાળ ફલક પર પથરાયેલ છે. લોકવિદ્યાનું ક્ષેત્ર અમર્યાદિત છે. એની તુલનાએ લોકસાહિત્ય પ્રમાણમાં સાંકડું છે. એમ છતાં બંને વચ્ચેનો સંબંધ ગાઢ છે. લોકસાહિત્ય અને લોકવિદ્યા વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરતા લખે છે: “લોકવિદ્યા એ આદિમાનવની મનોવૈજ્ઞાનિક અભિવ્યક્તિ છે. તેમાં પ્રચલિત ધર્મ, લોકવિશ્વાસ, શ્રદ્ધા – અંધશ્રદ્ધા, રીતરિવાજો, વાર્તાઓ, ગીતો, ભૂતપ્રેતની કલ્પનાઓ, વશીકરણ, તાવીજ, ભાગ્ય, શુકન, રોગ, મૃત્યુ, ઉત્સવો, તહેવારો, યુદ્ધ, હથિયારો, પશુપાલન, ખેતી ઉપરાંત લોકોએ ભૌતિક રીતે અને માનસિક રીતે જે કઈ કંઈ મેળવ્યું છે તે બધું જ આવી જાય. બીજી રીતે કહીએ તો લોકસાહિત્ય એ લોકવિદ્યાનો એકમાત્ર

ભાગ છે. લોકવિદ્યાને જો વિશાળ વડલાની ઉપમા આપીએ તો લોકસાહિત્યને તેની એક નાનકડી શાખા કહી શકાય. લોકવિદ્યાનું ક્ષેત્ર વિસ્તૃત છે. જ્યારે લોકસાહિત્યનું ક્ષેત્ર પ્રમાણમાં સાંકડું છે. લોકવિદ્યા માનવજીવનના તમામ પાસાંને સ્પર્શે છે, જયારે લોકસાહિત્ય, લોકગીતો, લોકકથાઓ, કહેવતો અને લોકનાટ્ય પૂરતું સીમિત રહે છે. તેમ છતાં લોકકથાઓ લોકવિદ્યાના અભ્યાસનું મહત્વનું અંગ છે એ ન ભૂલવું જોઈએ".

આપણું લોકસાહિત્ય એ લોકવિદ્યાનો જ એક પ્રકાર છે. આપણાં આ લોકસાહિત્યમાંથી એક વાત અંકે કરી છે કે અભદ્ર, અશિક્ષિત, અસંસ્કૃત કે અર્ધ સંસ્કૃત મનાતી જાતિઓને પણ પોતાની આગવી દૃષ્ટિ છે-આગવી સંસ્કૃતિ છે. તેમની આ સંસ્કૃતિ કંઠ પરંપરામાં સચવાઈ છે ને તે પછીથી તેની અભિવ્યક્તિ કથાઓ અને કવિતાઓના રૂપમાં થયા કરી છે. અત્યાર સુધી એમ મનાતું હતું કે અક્ષરજ્ઞાનથી જ સંસ્કૃતિ સિદ્ધિ થાય, પછી સમજાયું અક્ષરજ્ઞાનથી જ્ઞાન મળે, સંસ્કૃતિ નહીં. માણસ સંસ્કારથી સમૃદ્ધ બનતો હોય છે. માત્ર જ્ઞાનથી નહીં. વળી, આ સંસ્કૃતિનાં કોઈ પ્રકારો નહીં, પરંતુ તેના જુદા જુદા સ્તરો હોઈ શકે. બાકી તો માણસની મૂળભૂત સંસ્કૃતિ એક જ હોય છે. એ નવાનવા સ્વરૂપે માણસની સાથે જ રહે છે-છૂટતી નથી. આ મૂળભૂત સંસ્કૃતિની જ્યાં સાદી-સરળ શૈલીમાં અભિવ્યક્ત તઈ હોય છે. એ લોકસાહિત્યમાં કાળક્રમે થોડા ફેરફારો પણ થાય છે. પણ અહીં જે કંઈ જૂનું કે પરંપરાગત છે તે વર્તમાનનો સંદર્ભ સિદ્ધ કરીને આવે છે. ટૂંકમાં, માણસ મૂળ સંસ્કૃતિ સાથે હંમેશા જોડાયેલો જ રહે છે. આમ લોકસાહિત્યનો લોકવિદ્યા સાથે એક અતૂટ તંતુ જોડાયેલ છે.

**સમાપન:**

ઉપરોક્ત ચર્ચામાં આપણે જોતું તે મુજબ યુગ પ્રમાણે લોકવિદ્યામાં પણ રૂપાંતર થતું રહે છે. પહેલાં જે સ્થાન કંઠ-પરંપરાનું હતું એ આજે ઓછું છે, પરંતુ આધુનિક

સમૂહમાધ્યમના રેડિયો, દૂરદર્શન અને તેનાં શ્રાવ્ય અને દૃશ્ય રૂપ પણ કંઠ-પરંપરાનો જ વિસ્તાર છે, અને હવે ઇન્ટરનેટના જમાનમાં લોકસાહિત્ય નું ડિજિટલ રૂપાંતર ખુબજ સહેલાઈ થી થઈ રહ્યું છે. જ્યાં સુધી લોકો છે ત્યાં સુધી લોકસાહિત્ય છે અને આજના જમાનામાં લોકસાહિત્ય એ પણ અનેરી ઊચાઈ હાંસલ કરી છે. જો કે હાલના સમયમાં પણ ઘણું એવું સાહિત્ય છે કે જે લોકસાહિત્યના સંશોધકો અને સંપાદકોની રાહ જોતું પડ્યું છે. કથ્ય અનિયત શબ્દરૂપ રચનાઓમાં લોકકથા, લોકનાટ્ય, ઓઠાં કે ટુચકા, લૌકિક વ્યુત્પત્તિઓ વગેરેનો સમાવેશ થાય છે. એમાં ઘટના અને ક્રમ નિશ્ચિત હોય છે. એ કયા શબ્દોમાં મૂકવાં તે કથન કરનારનાં સૂઝ-શક્તિ અને કથન માટેના હેતુ અને સમય પર આધાર રાખે છે. આ પ્રકારોમાં પાઠ શાબ્દિક રીતે નિયત હોતો નથી પરંતુ યાદ આવે તેમ કહેવાતો (remembered) હોય છે. નિયત પાઠને યાદ રાખેલો પાઠ (memorized) કહેવામાં આવે છે. લોકસાહિત્ય સાથે જેનો ગાઢ નાતો રહ્યો છે, જેણે લોકસાહિત્યને ઘૂંટડે ઘૂંટડે પીધું છે ને જેણે પૂરી પ્રતિબદ્ધતાથી લોકસાહિત્યનું ખેડાણ કર્યું છે એવા વિદ્વાન, અભ્યાસી લોકસાહિત્યકાર શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય પ્રત્યે રુચિ ધરાવતા યુવાનોને આહ્વાન કરે છે: "યથાશક્તિ મેં મારા એક જ પ્રાંતની લોકવાણીનું આટલું સંશોધન ને દોહન કર્યું. મનોરથ તો ગુજરાતભરના જુના વાણી-પોપડા ઉકેલવાનો હતો. પણ એ તો મનની મનમાં જ રહી. હવે હું યુનિવર્સીટીના મહાલયમાં વિચરનારા હજારો ગુજરાતી યુવાનોને આ સાદ પાડું છું, કે થોડાક તો નીકળો, કોઈક તો કમ્મર કસો!" આ હાકલ તો તેઓએ ૧૯૩૯માં કરી હતી. તોયે આજે પણ કહેવું ઘટે કે, લોકજીવનના ધબકારસમું આ લોકસાહિત્ય અને લોકવિદ્યાઓ ગુજરાતના ખૂણે-ખાંચરે હજુયે ધરબાયને પડ્યું છે. આશા રાખીએ કે લુપ્ત થઈ જાય એ પહેલાં આ અમૂલ્ય વારસો આપણને આપણાં ગ્રંથાલયોમાંથી ગ્રંથાકારે પ્રાપ્ત થાય.

**સંદર્ભ સૂચિ:**


1. કચ્છનું વિવિધલક્ષી લોકસાહિત્ય, લે. દુલેરાય કારાણી
2. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ - ગ્રંથ-૪, બી. આ., સં. રમણ સોની
3. લોકસાહિત્ય અને સંસ્કૃતિ ( અનુભવ અને અભ્યાસ ), લે. જયમલ્લ પરમાર,
4. લોકસાહિત્ય ધરતીનું ધાવણ ખંડ -૧, લે. ઝવેરચંદ મેઘાણી
5. કચ્છનું વિવિધલક્ષી લોકસાહિત્ય, લે. દુલેરાય કારાણી, 'પ્રવેશક'માંથી.
6. મધ્યકાલિન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, લે. અનંતરાય રાવળ
7. લોકસાહિત્યઃ વિભાવના અને પ્રકાર, ડૉ. હસુ યાજ્ઞિક
8. ગુજરાતી લોકકતા સાહિત્ય, પ્રિયકાન્ત પરીખ
9. લોકસાહિત્યની અશ્વકથાઓ, સંકલનઃ જોરાવરસિંહ જાદવ
10. ઝવેરચંદ મેઘાણી જીવન અને સાહિત્ય, લે. જયંત પાઠક વગેરે
11. મેઘાણીની શ્રેષ્ઠ વાર્તાઓ, સં. યશવંત શુક્લ, ર. ચૌધરી વગેરે
12. લોકસાહિત્યનું સમાલોચન, ઝવેરચંદ મેઘાણી
13. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, ધીરુભાઈ ઠાકર